ગાંધીનગર સમાચાર

# સલમાનને રાહત : સજા પર સ્ટે

મુંબઈ,તા. ૮

બોલીવુડના દબંગ સ્ટાર સલમાન ખાનને આજે મોટી રાહત મળી ગઈ હતી. મુંબઈ હાઈકોર્ટે વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં તેને ફટકારવામાં આવેલી પાંચ વર્ષની સજાને સસ્પેન્ડ કરી હતી. સાથે સાથે બોલીવુડ સુપર સ્ટારને જામીન પણ આપી દીધા હતા. મુંબઈ હાઈકોર્ટના જજે સલમાન ખાનની જામીન મંજુર કરતા સલમાન માટે શુક્રવારનો દિવસ ફરી એકવાર શુભ સાબિત થયો હતો. સલમાનને બેલ મળશે કે જેલ તેને લઈને બુધવારથી જ અટકળોનો દોર ચાલી રહ્યો હતો. આજે સલમાનને જામીન મળતા તેના કરોડો ચાહકોને પણ મોટી રાહત થઈ હતી. મુંબઈ હાઈકોર્ટના જજ અભય થિપ્સેએ કોર્ટમાં કહ્યું હતું કે, સલમાન કેસમાં અપીલને ઝડપથી આગળ વધારવામાં આવી જોઈએ. પબ્લિક પ્રોસીક્યુટરને કેટલાક જટિલ પ્રશ્નો જજ થિપ્સે દ્વારા કરવામાં આવ્યા હતા. કમાલખાનની ચકાસણી કેમ કરવામાં આવી ન હતી તેવો પ્રશ્ન પણ પબ્લિક પ્રોસીક્યુટરને કરવામાં આવ્યો હતો. પબ્લિક પ્રોસીક્યુટર સંદીપ શિંદે દ્વારા જોરદાર દલીલ કરાઈ હતી. અગાઉ સલમાનના વકીલ અમિત દેસાઈએ તર્કદાર દલીલો કરી હતી. અમિત દેસાઈએ કહ્યું હતું કે, આ કેસ એલિસ્ટર પરેરા કેસથી બિલકુલ અલગ છે. પબ્લિક પ્રોસીક્યુટરે સલમાનની સજાને સસ્પેન્ડ કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો. સલમાન ખાન આ સંદર્ભમાં આજે ચુકાદો આવતાની સાથે જ મોટી રાહત જોવા મળી હતી. અમિત દેસાઈએ પોતાની દલીલમાં એમ પણ કહ્યું હતું કે, સલમાન ખાન કાર ચલાવી રહ્યો હતો તે બાબત પ્રોસીક્યુશન દ્વારા પુરવાર કરી શકાય નથી. સાક્ષીઓનું કહેવું છે કે, વાહનની ગતિ બનાવના વખતે ૧૦૦ની હતી જ્યારે રેકોર્ડ કહે છે કે, બાંદરામાં અકસ્માતના સ્થળ સુધી મેરિયટથી પહોંચવામાં અડધો કલાક લાગ્યો



હતો. ભાઈ સોહેલ અને પિતા સલીમ ખાન આજની સુનાવણી દરમિયાન ગેલેક્ષી એપાર્ટમેન્ટમાં જોવા મળ્યા હતા જ્યારે બહેન અલ્વીરા કોર્ટમાં જોવા મળી હતી. અમિત દેસાઈએ જોરદાર દલીલો કરી હતી અને સજાને સસ્પેન્ડ રાખવાની માંગ કરી હતી જેને આખરે સ્વીકારી લેવામાં આવી હતી. ડિફેન્સ દ્વારા સજાને સસ્પેન્સ કરવામાં જોરદાર દલીલો કરાઈ હતી. અગાઉ તેની જામીન માટેની અરજીને સ્વીકારી લેવામાં આવી હતી. હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટ સમક્ષ ૩૦ હજાર રૂપિયાના નવેસરના જામીન બોન્ડ જમા કરવા સલમાનને આદેશ કર્યો હતો. અમિત દેસાઈએ આજે ધારદાર દલીલો કરીને સલમાનના ચાહકોને રાહત આપી હતી. સમગ્ર દેશને હચમચાવી મુકનાર વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં બુધવારે એક પછી એક જોરદાર ઘટનાક્રમનો દોર ચાલ્યો હતો. ઘટનાક્રમ એટલા ઝડપથી બન્યા કે તમામ લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. માત્ર સાત કલાકના ગાળામાં જ સલમાનની લાઈફના સૌથી ખૌફનાક પળો પસાર થઈ ગયા હતા. સલમાન ખાન રડી પડ્યો હતો. પરેશાન થયો હતો અને અંતે રાહતનો દમ લઈને ઘરે પણ પહોંચી ગયો હતો. વર્ષ ૨૦૦૨થી ચાલી રહેલા હિટ એન્ડ રન કેસમાં દેશના લાખો કરોડો ક્રિકેટ ચાહકોના ફેવરિટ સલમાન ખાનને દોષિત જાહેર કરવામાં આવ્યો હતો ત્યારબાદ તેને પાંચ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. સાત કલાકના ગાળાની અંદર જ બે દિવસ માટે વચગાળાના જામીન પણ સલમાનને મળી ગયા હતા. બુધવારે ૧૧ વાગે સલમાન ખાન મુંબઈની કોર્ટમાં ઉપસ્થિત થયો હતો. ૧૧.૬ મિનિટે સલમાનને કોર્ટ રુમની બોલાવવામાં આવ્યો હતો. ત્યારબાદ કાર્યવાહી શરૂ થઈ હતી. કોર્ટે કબૂલાત કરી હતી કે, સલમાન ખાન બનાવના દિવસે નશામાં હતો અને ડ્રાઈવિંગ પણ પોતે કરી રહ્યો હતો.તમામ આરોપોમાં તેને મોડેથી દોષિત જાહેર કરાયો હતો. મુંબઈ હાઈકોર્ટે જોરદાર પ્રશ્નો કર્યા હતા. દરમિયાન સલમાનના આવાસ પર તેના મિત્રોનો ધસારો જોવા મળ્યો હતો. જો કે અંતે તમામને રાહત થઈ હતી. સલમાનને હવે જેલમાં જવુ પડશે નહી તેવી વાત લોકો સુધી પહોંચતા મોટી રાહત થઈ હતી.

## સલમાનને જામીન મળતા ચાહકો દ્વારા ઉજવણી થઈ

મુંબઈ, તા. ૮

બોલીવુડના દબંગ સ્ટાર સલમાન ખાનને મુંબઈ હાઈકોર્ટે જામીન આપી દીધા બાદ સલમાન ખાનના આવાસની બહાર ફટાકડા ફોડીને તેના ચાહકો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. કેટલાક ચાહકોએ મિઠાઈઓની આપલે પણ કરી હતી. દરમિયાનમાં કેટલાક લોકોએ આ ચુકાદા સામે વાંધો પણ ઉઠાવ્યો હતો. નિલમ કટારાએ આ અંગે પ્રતિક્રિયા પાત કહ્યું હતું કે, આનાથી એવો ખોટો સંદેશ જશે કે જો તમારી પાસે પૈસા છે અને શક્તિ છે તો શરાબ પીને ડ્રાઈવિંગ કરી શકાય છે. બીજી બાજુ સલમાનના આવાસની બહાર મિઠાઈઓ વહેંચવામાં આવી હતી. અપરાધી ઠેરવવા સામે હવે સુનાવણી જુલાઈ મહિનામાં થઈ શકે છે. બીજી બાજુ સત્યપાલસિંહે પ્રતિક્રિયામાં કહ્યું હતું કે, ગરીબોને ન્યાય મળતો નથી તે વાત પુરવાર થઈ છે. સલમાન ખાનના પાસપોર્ટને પરત આપવાની રજૂઆત પણ અમિત દેસાઈ દ્વારા કરાઈ હતી. સલમાન ખાનના આવાસ ઉપર ટોપસ્ટારો પહોંચવાનો દોર જારી રહ્યો હતો.

**સાયબર હુમલાથી રક્ષણ માટે પગલા**

## ડિફેન્સ સેક્ટર નેટવર્ક પર કોઈપણ હુમલા થયા નથી

નવીદિલ્હી,તા. ૮

લોકસભામાં સરકારે આજે કહ્યું હતું કે, સાઈબર હેકર દ્વારા ડિફેન્સ સેક્ટરના નેટવર્ક ઉપર હુમલા કરવામાં આવ્યા હોવાના કોઈપણ રિપોર્ટ મળ્યા નથી. વિદેશી ઈન્ટેલીજન્સ સંસ્થાઓ દ્વારા પણ ડિફેન્સ સેક્ટરના નેટવર્ક ઉપર કોઈ હુમલા કરવામાં આવ્યા નથી. સંરક્ષણ મંત્રી મનોહર પારીકરે કહ્યું હતું કે, સાયબર હુમલાથી ડિફેન્સ સેક્ટર સાથે સંબંધિત મહત્વપૂર્ણ અને ગુપ્ત માહિતીને જાળવી રાખવા શ્રેણીબદ્ધ પગલા સરકાર દ્વારા લેવામાં આવી ચુક્યા છે. તેમણે કહ્યું હતું કે, સાઈબર હેકરો દ્વારા આવા કોઈ પણ હુમલા સંરક્ષણ સંબંધિત સંસ્થાઓ ઉપર કરાયા નથી. તેમણે શૂન્ય કલાક દરમિયાન કહ્યું હતું કે, ઈન્ટરનેટ કનેક્ટટેડ પર્સનલ કોમ્પ્યુટર ઉપર સાઈબર હુમલાઓ કરવામાં આવ્યા છે. જો કે, તેમણે કહ્યું હતું કે, જુદા જુદા ક્ષેત્રોમાં પગલા લેવામાં આવી રહ્યા છે. ડિફેન્સ સેક્ટર નેટવર્ક ઉપર સાઈબર હેકરો દ્વારા કોઈ હુમલા કરાયા છે કે કેમ તે અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં કાર્યકરે કહ્યું હતું કે, આવી કોઈ બાબત ધ્યાનમાં આવી નથી. સાયબર હુમલાથી કોન્ફિડેન્સિયલ ડેટાને બચાવવા માટે શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવી ચુક્યા છે. ઉપરાંત સાયબર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ પણ બનાવવામાં આવી છે જે સાયબર હુમલાનો તરત જવાબ આપે છે.

## ડોન દાઉદ અંગે સોમવારે વિસ્તૃત નિવેદન કરવા રાજનાથની ખાતરી

નવીદિલ્હી,તા. ૮

અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના લોકેશનને લઈને છેલ્લા કેટલાક દિવસથી ચર્ચાનું બજાર ગરમ છે. આજે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે સરકારની થઈ રહેલી ટિકાટિપ્પણી વચ્ચે કહ્યું હતું કે, યુપીએ સરકારે દાઉદના લોકેશન અંગે કરવામાં આવેલા પ્રશ્નના જવાબમાં મે ૨૦૧૩માં યુપીએ સરકારે પણ આવો જ જવાબ આપ્યો હતો. આ સપ્તાહમાં એનડીએ સરકાર દ્વારા જે જવાબ આપવામાં આવ્યો છે તેવો જ જવાબ અગાઉ પણ આપવામાં આવ્યો હતો. કોંગ્રેસના સાંસદ જ્યોતિરાદિત્ય સિંધિયા દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નના જવાબમાં ગૃહરાજ્યમંત્રી દ્વારા હાલમાં જ આ અંગેની માહિતી આપી હતી. જ્યોતિરાદિત્ય દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવ્યા બાદ દાઉદના સ્થળ અંગે ગૃહરાજ્યમંત્રી



હરિભાઈ ચૌધરીએ કહ્યું હતું કે, દાઉદના લોકેશન અંગે કોઈ માહિતી નથી. રાજનાથસિંહે કહ્યું હતું કે, વિરોધ પક્ષના સભ્યો આ જવાબને યોગ્યરીતે સમજી શક્યા નથી. આ એજ જવાબ છે અગાઉ પણ આપવામાં આવ્યો હતો. પ્રધાને કહ્યું હતું કે તેઓ સંદર્ભમાં સોમવારના દિવસે વિસ્તૃત જવાબ આપે તેવી શક્યતા છે. ચૌધરીના નિવેદન બાદ જોરદાર હોબાળો મચી ગયો હતો. લોકસભામાં લેખિત પ્રશ્નના જવાબમાં ચૌધરીએ અગાઉ કહ્યું હતું કે, દાઉદ ક્યા છે તે અંગે કોઈપણ પ્રકારની માહિતી નથી. એક વખતે દાઉદના લોકેશન અંગે માહિતી મળી ગયા બાદ પ્રત્યાર્પણની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. દાઉદના મામલે એનડીએનો જવાબ અગાઉની યુપીએ સરકાર દ્વારા આપવામાં આવેલા જવાબની જેમ જ છે. અત્રે નોંધનીય છે કે, ડોન દાઉદ વર્ષ ૧૯૯૩ના મુંબઈ બ્લાસ્ટ કેસમાં મુખ્ય અપરાધી તરીકે છે. આ બ્લાસ્ટમાં ૨૫૭થી વધુ લોકોના મોત થયા હતા. ૭૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ૩૭ કરોડથી વધુની સંપત્તિને નુકસાન થયું હતું. આ બ્લાસ્ટ અનેક જગ્યાઓએ કરવામાં આવ્યા હતા. મુંબઈમાં બ્લાસ્ટ બાદ દાઉદને લઈને અનેક વખત જુદા જુદા નિવેદનો કરવામાં આવ્યા હતા. થોડાક દિવસ પહેલા જ દિલ્હીના પૂર્વ પોલીસ વડા દ્વારા આપવામાં આવેલા નિવેદન બાદથી સતત ચર્ચા શરૂ થઈ છે. જેના લીધે મામલો સંસદમાં પણ પહોંચ્યો છે. હવે સોમવારના દિવસે રાજનાથસિંહના વિસ્તૃત નિવેદન ઉપર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે.

**૫૦૦૦ કરોડના જામીન નાણા આપશે**

## હવે સુબ્રતા રોય આગામી સપ્તાહમાં જેલની બહાર

નવીદિલ્હી,તા. ૮

સહારાગ્રુપના વડા સુબ્રતો રોય આગામી સપ્તાહમાં દિલ્હીની તિહાર જેલમાંથી બહાર આવી જાય તેવી શક્યતા છે. કારણ કે તેઓએ કોર્ટને ખાતરી આપી છે કે, ૫૦૦૦ કરોડની બેંક ગેરન્ટી તૈયાર કરી લેવામાં આવી છે. માંગ ઉપર આધારિત બિનશરતી બેંક ગેરન્ટી તૈયાર કરવામાં આવી છે. આજે કોર્ટમાં સુબ્રતા રોયના વકીલ કપિલ સિબ્બલે આ મુજબની માહિતી આપી હતી. ગ્રુપે પહેલાથી જ બેલ માટે જરૂરી ૫૦૦૦ કરોડ રૂપિયાની રોકડ રકમનો એક હિસ્સો ચુકવી દીધો છે. સિબ્બલે સોર્સની વિગતો અથવા તો બેંકનું નામ આપ્યું ન હતું. જસ્ટિસ પીએસ ઠાકુરના નેતૃત્વમાં બેંચ દ્વારા વારંવાર પ્રશ્નો કરાયા હોવા છતાં બેંકનું નામ આપ્યું ન હતું. જો કે, તેમણે કહ્યું હતું કે, તે કો-ઓપરેટિવ બેંક નથી. ગેરન્ટી માટેની ફોર્મેટ બેંકો દ્વારા પાળવામાં આવેલા ધારાધોરણ મુજબની રહેશે. આગામી સપ્તાહમાં બુધવાર સુધી બેંક ગેરન્ટીને આખરી ઓપ આપી દેવામાં આવશે. આ કેસમાં ગુરુવારના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવશે. સેબીના વકીલ અરવિંદ દાતાર ઈચ્છતા હતા કે ગેરન્ટીના સંદર્ભમાં માહિતી આપવામાં આવે. રોય એક વર્ષથી પણ વધુ સમયથી જેલમાં છે. ૫૦૦૦ કરોડ રૂપિયાની રોકડ જામીનની શરત પાળી શકાય નથી. આ ઉપરાંત બેંક ગેરન્ટી સ્વરુપે પણ આટલી રકમની માંગ કરાઈ છે.

## બજેટ સત્રને લંબાવવા મુદ્દે લોકસભામાં ભારે હોબાળો

નવીદિલ્હી,તા. ૮

વર્તમાન બજેટ સત્રને ૧૩મી મે સુધી લંબાવવાના મુદ્દે લોકસભામાં ભારે ધાંધલ ધમાલ થઈ હતી જેના પરિણામ સ્વરુપે કાર્યવાહી બે વખત મોકૂફ કરવામાં આવી હતી. ગૃહ મળતાની સાથે જ લોકસભામાં કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખગડેએ પ્રશ્ન કલાકને મોકૂફ રાખવાની જોરદાર માંગ કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે, ગૃહના સભ્યોને વિશ્વાસમાં લીધા વગર ૧૩મી મે સુધી સત્રને લંબાવવાનો નિર્ણય લેવામાં આવી ચુક્યો છે. લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજને આ વિનંતીને ફગાવી દીધી હતી. ત્યારબાદ કોંગ્રેસના સભ્યોએ સરકાર સામે સૂત્રોચ્ચાર કર્યા હતા જેના કારણે ગૃહને વારંવાર મોકૂફ રાખવાની ફરજ પડી હતી. સરકારે ગુરુવારના દિવસે લોકસભાના બજેટ સત્રને ૧૩મી મે સુધી લંબાવવાનો નિર્ણય કર્યો હતો. લોકસભા ૮મી મેના દિવસે એટલે કે આજે બજેટ સત્રના બીજા તબક્કા બાદ મોકૂફ કરવામાં આવનાર હતી પરંતુ હવે ૧૩મી મે સુધી બેઠક ચાલશે. અતિ મહત્વના બિલને પસાર કરવા અને મહત્વપૂર્ણ કામગીરીને આગળ વધારવાના હેતુસર બજેટ સત્રના બીજા તબક્કાને વધારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષ દ્વારા આની સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે.

બજેટ સત્રના પ્રથમ તબક્કા દરમિયાન મોદી સરકારે તેનું પ્રથમ સંપૂર્ણ રેલવે અને સામાન્ય બજેટ રજૂ કર્યું હતું. ત્યારબાદ પ્રથમ તબક્કામાં બ્રેક મુકાયા બાદ બીજો તબક્કો હવે શરૂ થયો હતો. આજે બીજો તબક્કો પણ નિર્ધારિત કાર્યક્રમ મુજબ પૂર્ણ થનાર હતો પરંતુ તેને ૧૩મી મે સુધી લંબાવવાનો નિર્ણય ગઈકાલે જ લેવાયો હતો.

## ડોલર સામે રૂપિયો ૪૬ પૈસા સુધરીને બંધ રહ્યો

મુંબઈ, તા. ૮


ડોલર સામે રૂપિયો આજે ૨૦ મહિનાની નીચી સપાટીથી રિબાઉન્ડ થયો હતો અને કારોબારના અંતે તેમાં મજબૂત સ્થિતિ જોવા મળી હતી. આજે શેરબજારમાં પણ જોરદાર તેજી રહી હતી. ગુરુવારના દિવસે રૂપિયો ૬૪.૨૩ની સપાટીએ બંધ રહ્યો હતો જેની સામે આજે રૂપિયો ૪૬ પૈસા ઉછળીને ૬૩.૯૪ની સપાટીએ રહ્યો હતો. ગુરુવારના દિવસે એફઆઈઆઈ દ્વારા ૧૩૬૧ કરોડના શેર વેચી દેવામાં આવ્યા હતા. છેલ્લા ૧૫ સેશનમાં તેઓએ બે અબજ ડોલરથી વધુના શેર વેચી દીધા છે. અથવા તો ૧૪૦૦૦ કરોડના શેર વેચી દેવાયા છે.

## દેશમાં ઈન્ડસ્ટ્રીયલ ટાઉનશીપ સ્થાપવા માટે જાપાન તૈયાર

**જાપાન દ્વારા ૧૧ સ્થળોની પસંદગી કરાઇ**

નવી દિલ્હી,તા. ૮

જાપાનની શિન્ઝો અબેની સરકાર ભારતમાં તેના મુડીરોકાણને વધારીને બે ગણુ કરવા માટે ઉત્સુક છે. સાથે સાથે ભારતમાં ઈન્ડસ્ટ્રીયલ ટાઉનશીપ સ્થાપિત કરવા માટે જાપાને ૧૧ સ્થળોની ઓળખ કરી લીધી હોવાના અહેવાલ મળ્યા છે. જાપાન ભારતના વડાપ્રદાન નરેન્દ્ર મોદીની ભારતના ઈન્ફ્રાસ્કચરને સુધારી દેવા માટે મદદ કરવા માચે તૈયાર છે. સ્થાનિક મેન્યુફેકચરિંગનો પ્રોત્સાહન આપવા માટે પણ જાપાન ઈચ્છુક છે. જાપાને ભારતમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપિત કરવા માટે ૧૧ સ્થળોની પસંદગી કરી લીધી છે. દેશમાં રોકાણ માટે હબ તરીકે ગણવામાં આવશે. કર્ણાટક,



ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર જેવા રાજ્યોની પસંદગી કરી લેવામાં આવી છે. ડિમાન્ડ-સપ્લાય અંતરને દુર કરવા માટે મદદરૂપ થવા જાપાન મેન્યુફેકચરિંગ સેક્ટરમાં ભારતીય વર્કરોને ખાસ ટ્રેનિંગ પણ આપનાર છે. આગામી પાંચ વર્ષના ગાળામાં જાપાન ભારતમાં રોકાણને ૩૫ અબજ ડોલર સુધી લઈ જવા માંગે છે. આનાથી દ્વિપક્ષીય સંબંધો મજબુત બનશે. આર્થિક કોરિડોરમાં જાપાન પ્રાઈમરી રોકાણકારો તરીકે છે. મોદી મેક ઈન ઈન્ડિયાને આગળ વધારી રહ્યા છે. મોદીની પહેલને લોકો તરફથી ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જાપાને વર્ષ ૨૦૧૩-૧૪માં ૧.૭ અબજ ડોલરની એફડઆઈની ખરીદી કરી છે. અહેવાલમા ંદાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં જાપાન ચોથા સૌથી મોટા વિદેશી રોકાણકાર તરીકે છે. જાપાન દ્વારા ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે સ્થળોની પસંદગી કરવામા ંઆવી છે. જાપાન જુદા જુદા ક્ષેત્રોમાં ભારતની મદદ કરવા માટે ખુબ ઉત્સુક છે.

## જીતનરામ માંઝી દ્વારા નવી પાર્ટીની રચના થઈ

પટણા,તા. ૮

બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જીતન રામ માંઝીએ આજે નવી પાર્ટી હિન્દુસ્તાન અવામી મોરચાની શરૂઆત કરી દીધી હતી. આ પાર્ટી તમામ ૨૪૩ બેઠકો ઉપર ચૂંટણી લડે તેવી શક્યતા છે. હિન્દુસ્તાન અવામી મોરચાના નેતા શકુની ચૌધરીને રાજ્યપ્રમુખ બનાવવામાં આવ્યા છે. માંઝીએ મોડેથી પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, નવી પાર્ટીની જાહેરાત વિધિવતરીતે ૧૦મી મેના દિવસે કરાશે પરંતુ આની શરૂઆત કરવાનો નિર્ણય લઈ લેવામાં આવ્યો છે. આગામી બે દિવસ સુધી તેઓ પટણાથી બહાર છે. ચૂંટણી પંચ સમક્ષ નોંધણીની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. છેલ્લા થોડાક સમયથી આને લઈને કવાયત ચાલી રહી હતી. ઘણા નેતાઓ ભાજપમાં સામેલ થઈ શકે છે. માંઝીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી નીતિશ કુમાર સામાજિક ન્યાય આડે મોટી અડચણો ઉભી કરી રહ્યા છે. આરજેડીના હકાલપટ્ટી કરવામાં આવેલા સાંસદ રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવને સામેલ થવાનું પણ આમંત્રણ આપ્યું હતું.

## બદનક્ષી કેસ : રાહુલ ગાંધી પોતે કોર્ટ સમક્ષ હાજર થયા

નવીદિલ્હી,તા. ૮

ફોજદારી બદનક્ષીના કેસમાં રાહુલ ગાંધી સામે તમામ કોર્ટ કાર્યવાહી ઉપર સ્ટે મુકવામાં આવ્યાના એક દિવસ બાદ કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી આજે ભિવંડીમાં ટ્રાયલ કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહ્યા હતા. અંગત હાજરીમાંથી સુપ્રીમ કોર્ટે મુક્તી આપી હોવા છતાં મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં



ભિવંડીમાં મેજિસ્ટ્રેરિયલ કોર્ટ સમક્ષ અમેઠીના સાંસદ ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસના ઉપાપ્રમુખે મેજિસ્ટ્રેટ ડીપી કાલે સમક્ષ પોતે પોતાના તરફથી રજૂઆત કરી હતી. ૨૦મી માર્ચના દિવસે તેમના વકીલ દ્વારા આપવામાં આવેલી બાંહેધરી મુજબ તેઓ પોતે પોતાનો કેસ રજૂ કર્યો હતો. આ કેસમાં વધુ સુનાવણી મોકૂફ કરી દેવામાં આવી હતી. કોર્ટમાં ૧૫ મેથી પણ ઓછા સમય સુધી રોકાયા બાદ રાહુલે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, અદાલતને આપવામાં આવેલી ખાતરી મુજબ તેઓ અહીં આવ્યા છે. અમે ન્યાયતંત્રનું સમ્માન કરીએ છીએ. આજ કારણસર તેઓ અહીં આવ્યા છે. રાહુલે ઓફિસિયલ ટ્વિટર હેન્ડલ ઉપર પણ મોડેથી આ અંગેની જાહેરાત કરી હતી. કોંગ્રેસના નેતાએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરીને મુંબઈ હાઈકોર્ટના આદેશ ઉપર સ્ટે મુકવાની માંગ કરી હતી. આરએસએસના કાર્યકર રાજેશ કુમ્ટેએ આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસના નેતાએ ગયા વર્ષે લોકસભાની ચૂંટણી દરમિયાન એક રેલીમાં મહાત્મા ગાંધીની હત્યાનો સંઘ ઉપર આક્ષેપ કર્યો હતો. સંઘના કાર્યકરના જણાવ્યા મુજબ કોંગ્રેસના ઉપપ્રમુખે ચૂંટણી રેલીમાં કહ્યું હતું કે, સંઘના લોકોએ ગાંધીજીની હત્યા કરી હતી.

## સાઈ એથ્લિટ પૈકી ત્રણની તબિયત હવે સુધારા ઉપર

થિરુવંતનપુરમ,તા. ૭

કેરળમાં સાઈ સેન્ટર ખાતે સિનિયરો દ્વારા સતામણીનો શિકાર થયા બાદ આત્મહત્યાનો પ્રયાસ કરનાર ત્રણ મહિલા એથ્લિટની તબિયત હવે સુધારા ઉપર છે. આ ત્રણેય હવે ખતરાની બહાર છે. બીજી બાજુ મામલામાં તપાસ કરવા માટે રમત-ગમત મંત્રાલય દ્વારા મેડિકલ બોર્ડની રચના કરાઈ છે. રમત-ગમત પ્રધાન સોનોવાલે આજે દિલ્હીમાં કહ્યું હતું કે, મેડિકલ બોર્ડની રચના કરાઈ છે. આ એથ્લિટોના જીવનને બચાવવાને પ્રાથમિકતા અપાઈ છે. એક યુવા એથ્લિટ અર્પણાનું ગઈકાલે મોત થઈ ગયું હતું. ગઈકાલે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા હોસ્ટેલની ચાર યુવતીઓએ આત્મહત્યાનો પ્રયાસ કરતા સનસનાટી મચી ગઈ છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કેરળમાં ટ્રેનર દ્વારા સતામણી કરવામાં આવ્યા બાદ આ પગલા લેવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ પૈકીની એક અર્પણાનું મોત થયું હતું. ગંભીર હાલતમાં અન્ય ત્રણને ખસેડવામાં આવ્યા બાદ હવે તેમની તબિયત સુધારા ઉપર છે.

## શેરબજારમાં ફરી તેજી : સેંસેક્સ ૫૦૬ પોઈન્ટ ઉછળીને બંધ રહ્યો

**વર્ષના અંત સુધીમાં સેંસેક્સ ૩૨૫૦૦ સુધી પહોંચી શકે છે તેવી ફ્રેન્ચ બેંકિંગ સર્વિસ દ્વારા આગાહી બાદ નવી આશા : ઘણા પરિબળોની હકારાત્મક અસર**

મુંબઈ,તા. ૮

શેરબજારમાં આજે ફરી એકવાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે બીએસઈ સેંસેક્સ ૫૦૬ પોઈન્ટ ઉછળીને નવી ઉંચી સપાટીએ રહ્યો હતો. સરકારે એફઆઈઆઈ દ્વારા મિનિમમ અલ્ટરનેટ ટેક્સની ચુકવણીના મુદ્દે ચકાસણી કરવા ઉચ્ચસ્તરીય સમિતિ રચવાનો નિર્ણય કર્યા બાદ આજે જોરદાર તેજી જામી હતી. શેરબજારમાં આજે તેજી રહેતા કારોબારીઓ ખુશખુશાલ દેખાયા હતા. કારોબારના અંતે સેંસેક્સ ૫૦૬ પોઈન્ટ ઉછળીને ૨૭૧૦૫ની સપાટીએ રહ્યો હતો. સેંસેક્સે ફરી એકવાર ૨૭૦૦૦ની સપાટી કુદાવી હતી જ્યારે નિફ્ટી ૧૩૪ પોઈન્ટ ઉછળીને ૮૧૯૨ની સપાટીએ રહ્યો હતો. ઉંચા આર્થિક વિકાસ દરના આંકડા સપાટી ઉપર આવી રહ્યા છે. આગામી આઠ વર્ષમાં વિકાસદર ૭.૯ ટકાની આસપાસ રહી શકે છે. દક્ષિણ એશિયાના બીજા આર્થિક હરીફ ચીનમાં હાલ મંદી દેખાઈ રહી છે. બ્રિટનમાં ડેવિડ કેમરુનની પાર્ટીની જીતને લઈને પણ તેજી રહી છે. શેરબજારમાં આજે તેજી માટે અનેક પરિબળો જવાબદાર રહ્યા હતા. માર્કેટમાં તેજીના સંદર્ભમાં જે પરિબળો જવાબદાર રહ્યા છે તેના માટે વૈશ્વિક પરિબળ પણ જવાબદાર છે. ફ્રેન્ચ બેંકિંગ એન્ડ ફાયનાન્સિયલ સર્વિસના નિષ્ણાતોએ કહ્યું છે કે, સેંસેક્સ આ વર્ષના અંત સુધી ૩૨૫૦૦ સુધી પહોંચી શકે છે. ભારતમાં જુદા જુદા સારા અંદાજના આંકડા રજૂ કરવામાં આવતા ચિત્ર સુધારાવાળુ દેખાઈ રહ્યું છે. સરકારે ગઈકાલે જાહેરાત કરી હતી કે, એફઆઈઆઈ દ્વારા મેટની ચુકવણીના વિવાદાસ્પદ મુદ્દામાં ઉચ્ચસ્તરીય સમિતિ તપાસ કરશે. શેરબજારમાં આજે સવારે કારોબાર શરૂ થયા બાદ ફરી એકવાર જોરદાર તેજીનુ મોજુ ફરી વળ્યું હતુ. આજે કારોબારની શરૂઆત થયા બાદ શરૂમાં જ સેન્સેક્સમાં ૩૮૨ પોઈન્ટનો નોંધપાત્ર ઉછાળો રહ્યો હતો જેથી એમ લાગતુ હતું કે, શેરબજારમાં દિવસ દરમિયાન પણ તેજી જ રહેશે અને આગાહી સાચી સાબિત થઈ હતી. કારોબારના અંતે તેજી રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે મંદીનું મોજુ અકબંધ રહ્યું હતું. આની સાથે જ સેંસેક્સ છ મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. મેટને લઈને ચિંતા વચ્ચે વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા વેચવાલી અકબંધ રહી હતી. ક્રૂડ ઓઈલની કિંમતમાં રિબાઉન્ડની સ્થિતિ રહી હતી પરંતુ રૂપિયામાં હાલત કફોડી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ગઈકાલે વધુ ૧૧૮ પોઈન્ટ ઘટીને ૨૬૫૯૯ની સપાટીએ રહ્યા હતો. જે ૨૧મી ઓક્ટોબર ૨૦૧૪ બાદની સૌથી નીચી સપાટી છે. ૫૦ શેર નિફ્ટી ૪૦ પોઈન્ટ ઘટીને ૮૦૫૭ની સપાટીએ રહ્યો હતો. ગઈકાલે ગુરૂવારે ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન નિફ્ટીએ ૮૦૦૦ની સપાટી તોડી હતી. બ્રોડર માર્કેટમાં અફડાતફડી રહી હતી.

## આજે કોલકત્તા નાઇટ- પંજાબ વચ્ચે રોમાંચક જંગ

કોલકત્તા,તા. ૮

હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૮મા આવતીકાલે કોલકત્તા નાઈટ રાઈડર્સ અને કિંગ્સ ઈલેવન પંજાબ વચ્ચે જોરદાર જંગ ખેલાશે. બન્ને ટીમોમાં અનેક સ્ટાર ખેલાડી રહેલા છે. કોલકત્તા નાઈટ રાઈડર્સના કેપ્ટન ગૌતમ ગંભીર અને જ્યોર્જ બેલીની કેપ્ટનશીપની પણ આંકર કસોટી થનાર છે. બન્ને ટીમોમાં અનેક સ્ટાર ખેલાડી રહેલા છે. ગૌતમ ગંભીરના નેતૃત્વમાં કોલકત્તાની ટીમમાં જે સ્ટાર ખેલાડી છે તેમાં રોબિન ઉથપ્પાનો સમાવેશ થાય છે. ઉથપ્પા હાલમાં ફોર્મમાં રહ્યો છે. ગંભીર પોતે કેપ્ટન ઈનિંગ્સ રમી રહ્યો છે. કોલકત્તામાં રમાનારી મેચને લઈને તંત્ર દ્વારા તમામ તૈયારી કરી લેવામાં આવી છે. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પણ તંત્ર સજ્જ છે. આ મેચનુ ચાર વાગ્યાથી પ્રસારણ કરવામાં આવનાર છે. બન્ને ટીમોને પોઈન્ટ ટેબલમાં તેમની સ્થિતીને સુધારી દેવાની તક રહેલી છે.